તારીખ : ૦૬/૦૫/૨૦૨૫

**મે. મ્યુનિસિપલ કમિશનર સાહેબ,**

**વિષય:** નવસારી મહાનગરપાલિકા સંચાલિત નગરપાલિકા હાઇસ્કૂલ**,** નવસારીના, તા.૦૧/૦૪/૨૦૦૫

પહેલા નિમણૂક પામેલ કર્મચારીઓનો જુની પેન્શનમાં સમાવવા અંગેની પાત્રતા ધરાવતા બાબત.

**સંદર્ભ :** જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,નવસારીના પત્ર ક્રમાંક જા.નં./મા-૧/૨૦૨૫/૪૯૧૫-૧૯

**સાદર રજૂ**:-

સવિનય મે.કમિશનર સાહેબશ્રીને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકારના જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેની દરખાસ્ત રજૂ કરવા બાબતે સંચાલક મંડળના ઠરાવ તારીખ:૧૭/૦૫/૨૦૨૫ પહેલા રજૂ કરવાનો રહે છે.

(૧) નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૪ના ઠરાવ નં.નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી.
(૨) નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૫ના ઠરાવ નં.નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી.

સંદર્ભ ને અનુલક્ષીને નગરપાલિકા હાઇસ્કૂલ, નવસારીના નીચે મુજબના કર્મચારીઓ જૂની પેન્શન યોજના અંગે પાત્રતા ધરાવે છે. આ સાથે જરૂરી દસ્તાવેજો સામેલ છે.

**જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે પાત્રતા ધરાવતા કર્મચારીઓ :**

| **ક્રમ** | **કર્મચારીનું નામ** | **ખાતામાં દાખલ તારીખ** | **આ શાળામાં દાખલ તારીખ** | **રિમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી હેમાબેન મંગુભાઈ પટેલ (આચાર્ય) | ૧૮/૧૧/૨૦૦૨ | ૧૮/૦૮/૨૦૨૩ | |
| ૨ | શ્રી જીતેન્દ્રભાઈ માવજીભાઈ ભુસારા (મદદનીશ શિક્ષક) | ૦૧/૦૫/૨૦૦૨ | ૦૧/૦૫/૨૦૦૨ | |

અગાઉ નવસારી વિજલપોર નગરપાલિકા અસ્તિત્વમાં હતી ત્યારે સ્થાનિક સ્વરાજ્ય (લોકલ બોડી) સંચાલિત શાળાના સંચાલક મંડળના પ્રમુખ તરીકે નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોમાંથી સંચાલક મંડળ તરીકે માધ્યમિક શાળા સમિતિ ની રચના થતી હતી. જેમાં આચાર્યશ્રીના દ્વારા રજૂ થયેલા અને ચીફ ઓફિસર શ્રી દ્વારા મંજૂર થયેલા કાર્યોને ચર્ચા વિચારણા ને અંતે ઠરાવ કરી મંજૂર કરવામાં આવતા હતા. પરંતુ તા.૦૧/૦૧/૨૦૨૫થી ગુજરાત સરકારશ્રી દ્વારા નવસારી વિજલપોર નગરપાલિકાને "નવસારી

મહાનગરપાલિકા” તરીકે જાહેર કરવામાં આવેલ છે. હાલમાં ચુંટાયેલી બોડી અસ્તિત્વમા ન હોય મે.કલેકટરથી, નવસારીને અત્રેની નવસારી મહાનગરપલિકાના વહીવટદારશ્રી તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે. સબબ  કલેકટરશ્રી, નવસારીને અત્રેની નવસારી મહાનગરપાલિકાના વહીવટદાર તરીકેની મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ કર્મચારીઓની જુના પેન્શન યોજનામાં સમાવવા અંગે ઠરાવ થઇ આવવા માન.વહિવટદારશ્રી સમક્ષ રજુ કરવા યોગ્ય તે આદેશ થવા વિનંતી છે.

હેડ ક્લાર્ક

આચાર્ય (નગરપાલિકા હાઇસ્કુલ)

વહીવટી અધિકારી

નાયબ મ્યુનિસિપલ કમિશનર

માન.મ્યુનિસિપલ કમિશનર